ભિલોડાના જાહેર માર્ગો પર રખડતા પશુઓથી પ્રજાજનો અને વાહનચાલકો હેરાન-પરેશાન

માર્ગો અને ડીવાઈડરો પશુઓની ગમાણોમાં ફેરવાયા

ભિલોડા, તા.૩

ભિલોડા-શામળાજી-ઈડર ધોરીમાર્ગ ઉપર રખડતા પશુઓથી

પ્રજાજનો, રાહદારીઓ, વાહનચાલકો ત્રાહિમામ પોકારી ગયા છે. ભિલોડાના જાહેર માર્ગો ઉપર રખડતી ગાયો, આખલા, બકરાં, ગધેડાં, કુતરા, ભુંડના અડિંગા રહેતા હોવાથી ટ્રાફિકમાં ભારે અવરોધ સર્જાતો રહ્યો છે. જ્યારે કેટલાક વાહન ચાલકોને ગાયો અને સાંઢ શીંગડે ચડાવતા હોવાથી અકસ્માતો વધ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. ગાયને માતા કહેનારા હિંદુઓ ગાયમાતાને રખડતી મુકી દેતાં જીવદયા પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જીવદયા પ્રેમીઓના જણાવ્યા મુજબ પશુઓને રેઢાં મુકનારા પશુપાલકો સામે લાગતા-વળગતા તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે પગલાં ભરવા જીવદયા પ્રેમીઓની પ્રબળ લોકમાંગણી છે.

સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકા મથકના જાહેરમાર્ગો ઉપર, શોપીંગ સેન્ટરો આગળ, સોસાયટી વિસ્તારો આગળ, મંદીરો પાસે ઠેર-ઠેર ગાયોના ટોળે-ટોળાનો અડિંગો જમાવી બેસતા હોવાથી રાહદારીઓ, વાહન ચાલકોની મુશ્કેલીઓમાં ઔર વધારો જોવા મળી રહ્યો છે. રખડતા પશુઓના કારણે સ્વચ્છ રહેતા સોસાયટી વિસ્તારોમાં પણ ગંદકીનું સામ્રાજ્ય જોવા મળે છે. ભિલોડાના આસપાસના સીમવિસ્તારમાં રખડતી ગાયોના ટોળે-ટોળા સીમવિસ્તારમાં કેટલાય ખેતરોમાં રાત્રીના સુમારે ઉભા પાકનું ભેરાણ કરી દેતા હોય છે. જેના કારણે ખેડૂતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. છેલ્લા કેટલાક સમયથી રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય થયો છે.

રખડતી ગાયોના ટોળે-ટોળા જાહેર માર્ગોની વચ્ચે અડિંગો જમાવતા હોવાથી વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી જીલ્લાના માર્ગો ઉપર રખડતા પશુઓનો ત્રાસ જોવા મળે છે. વાહનોની ગીચતા વચ્ચે ગાયોના ટોળે-ટોળા ટ્રાફીકને અવરોધતા હોવાથી રાહદારીઓ, વાહનચાલકોની હાલાકીમાં વધારો થયો છે. આ અંગે હિતેન્દ્રસિંહ સીસોદીયા-ચેરમેન ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, ભિલોડા વેપારી એસોસીએશન પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ કમલેશભાઈ મહેતા, ઉપપ્રમુખ રઘજીભાઈ પટેલ, ગુણવંતભાઈ ત્રિવેદી, ડાહ્યાભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, પ્રકાશભાઈ મેઘાણી સહિત ગ્રામજનોના જણાવ્યા મુજબ લાગતા-વળગતા તંત્રના જબાવદાર અધિકારીઓ ધ્વારા રખડતા પશુઓને રેઢાં મુકનારા માલિકો સામે સત્વરે કડક કાર્યવાહી કરવી જોઈએ તેવો સુર વાહનચાલકો તેમજ રાહદારીઓમાંથી ઉઠવા પામ્યો છે. જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવી બેઠેલી ગાયો તસ્વીરમાં દ્રષ્ટીગોચર થાય છે.

ભિલોડા શ્રી કૃષ્ણ સીનેમા સામે શામળાજી ધોરીમાર્ગ ઉપર ડીવાઈડર ઉપર બેઠેલો આખલો તેની મસ્તીમાં મસ્ત બની બેઠો હતો ત્યારે એક અજાણ્યા વાહન ચાલકે પુરપાટ ઝડપે આ માર્ગ ઉપરથી પસાર થયો ત્યારે આ ડીવાઈડર ઉપર બેઠેલા આખલાના પગ ઉપર વાહન ચઢાવી દેતા આખલાના પગ ઉપર ગંભીર ઈજાઓ પહોંચતાં જીવદયાપ્રેમી હરીશભાઈ ભોજવાણીએ સારવાર કરી લોકોની મદદ ધ્વારા મહામુસીબતે આખલાને દુર ખસેડ્યો હતો. આખલો ચાલી શકતો નથી. ભિલોડાના જાહેર માર્ગો ઉપર ફરતા રખડતા આખલા ક્યારેક ક્યારેક લોકોને અડફેટે ચડાવી લોહીલુહાણ કરી દેતા હોય છે. ભિલોડામાં જાહેર માર્ગો ઉપર રખડતા પશુઓને પાંજરાપોળ મોકલવાની લાગતા વળગતા તંત્રના અધિકારીઓ ધ્વારા પ્રકીયા સત્વરે હાથ ધરવામાં આવે તેમ લોકમુખે ચર્ચાય છે.

આજે આનંદી માના વડલે ચર્મ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના માણસા ગામે આવેલા શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ પ્રેરિત આનંદીમાના વડલે ૪૭મો ચર્મ રોગ નિદાન અને સારવાર કેમ્પ યોજાશે.

દર મહિનાના પહેલા રવિવારે ચામડીના રોગનું નિદાન અને સારવાર કેમ્પ નિઃશુલ્ક રીતે માણસા આનંદીમાના વડલે યોજાય છે. જે અંતર્ગત આજે ૪થી ઓગષ્ટે બપોરે ૨ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન આનંદીમાના વડલે, માણસા-મકાખાડ રોડ, મલાવ તળાવ પાસે, માણસા ગામે ચામડીના રોગનો નિદાન અને સારવાર કેમ્પ યોજાશે. નિદાન કેમ્પમાં ગાંધીનગરના ચામડી, ગુપ્તરોગો, રકતપિત્તો, કોસ્મેટીક, સર્જરી અને ડર્મેટો સર્જરીના નિષ્ણાંત ડૉ. ગૌરવ પટેલ માનદ સેવા આપશે.

શ્રાવણ માસમાં લઘુરૂદ્ર

ગાંધીનગર, તા. ૩

શ્રાવણ માસમાં રૂદ્રાભિષેક મંડળના સભ્યો તરફથી તેઓના નિવાસ સ્થાને લઘુ રૂદ્રનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે સભ્યોએ લઘુરૂદ્ર રાખવો હોય તેઓએ મંડળના સહમંત્રી નરેન્દ્ર જાનીને ફોન નં. ૨૩૨-૨૮૬૪૪ અથવા રમેશભાઈ જોષીને ફોન નં. ૨૩૨-૩૮૫૮૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

આજે સત્‌સંગ સંકીર્તનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૩

પ.પૂ. રમેશભાઈ ઓઝા પ્રેરિત વૈશ્વિક સંસ્કૃતિ પરિવાર તરફથી આજે તા. ૪ ઓગષ્ટ ૨૦૧૩ને રવિવારે સાંજે ૫ કલાકે બ્લોક નં. ૨૨૯, જૂના અમ.એલ.એ. ક્વાર્ટર, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે સત્‌સંગ અને સંકીર્તનનો કાર્યક્રમ યોજાશે. યોગેશભાઈ દક્ષિણીને નિવાસે યોજાનાર કાર્યક્રમમાં પધારવા સર્વે ધર્મપ્રેમી જનતાને મહેન્દ્રભાઈ રાઠોડે ખાસ જણાવ્યું છે.



ડીસામાં રખડતી ગાયોના ત્રાસથી પ્રજા ત્રાહીમામ

ડીસા શહેરમાં વર્ષોથી રખડતી ગાયોનો ત્રાસ વર્તાઈ રહ્યો છે. ગાયોને છોડી મુકતા ઈસમો સામે કડક પગલાં નહી ભરાતા વર્ષોથી આ સમસ્યા ઠેરની ઠેર રહેવા પામી છે ત્યારે અત્યારે ચોમાસાના માહોલ વચ્ચે અસંખ્ય ગાયો રોડ પર અડ્ડો જમાવીને બેઠેલી છે. ડીસા શહેરમાં રોજે રોજ ગાયો તેમજ આખલા લોકોને તેમજ વાહન ચાલકોને અડફેટે લઈ રહ્યા છે અગાઉના પ્રમુખ દ્વારા થોડા સમય ગાયો પકડી ડબામાં પુરવાનું અભિયાન ચલાવ્યું હતુ પરંતુ બાદમાં પરિસ્થિતિ જૈસે થે રહેવા પામી હતી અને રખડતી ગાયો ના ટોળા લોકોને બાનમાં લઈ રહ્યા છે. આ બાબતે અવાર નવાર પાલીકામાં રજુઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ જ કાર્યવાહી થતી નથી. ગાયોના માલીકો મોટી સંખ્યામાં ગાયો રાખે છે જેમાં રોજ સવારે દુઝણી ગાયોને દોહી લીધા બાદ ગાયોનું ટોળું શહેરમાં રખડતું કરી દે છે. જે ટોળા લોકો પર હુમલા કરી ઘાયલ કરતા હોય છે અત્યારે શહેરમાં ગામડા કરતાં પણ વધારે ગાયો વધી ગઈ છે જેને કારણે લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે. ડીસા પલીકાના સુપરીટેન્ડ જવાનસિંહ ઠાકોરે જણાવ્યુ હતુ કે ગાયો પકડવાનું પાંજરૂ અત્યારે રીપેરીંગમાં પડ્યુ છે. ગાયો પકડવા માટે ટેન્ડર બહાર પાડવાનું છે. ત્યારબાદ કાર્યવાહી કરવામાં આવશે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

પરિણીતાનાં આપઘાત પ્રકરણે છ સાસરીયાઓ સામે ફરીયાદ

ગમતી ન હોવાથી તલાક આપી દેવાની ધમકી આપી ત્રાસ ગુજારાતો હતો : પતિની ધરપકડ

ગાંધીનગર, તા. ૩

પેથાપુર વિસ્તારમાં રહેતી પરિણીતાએ બે દિવસ અગાઉ પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવી દીધુ હતુ. આ પ્રકરણમાં મૃતકના ભાઈની ફરીયાદને આધારે પેથાપુર પોલીસે પતિ અને સાસુ-સસરા સહિત ૬ સાસરીયાઓ વિરૂદ્ધ શારીરિક-માનસીક ત્રાસ અને આપઘાત માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી આરોપી પતિની ધરપકડ કરી લીધી છે.

પેથાપુર ખાતે રહેતી પરિણીતા મહેબુનાબાનુ ઈરસાદહુસૈન કુરેશીએ બે દિવસ અગાઉ પોતાના ઘરે જ ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૃતકના ભાઈ સરફરાઝ મુસ્તુફાભાઈએ પેથાપુર પોલીસમથકે તેની બહેનનાં આપઘાત પાછળ સાસરીયાઓ જવાબદાર હોવાની પોલીસ ફરીયાદ પેથાપુર પોલીસ સ્ટેશને નોંધાવી છે. તુ ગમતી નથી તલાક આપી દે... તેવા ઉચ્ચારો અવારનવાર ઉચ્ચારીને સાસરીયાઓ મારઝુડ કરીને શારીરિક માનસીક ત્રાસ આપતા હોવાનો પોલીસ ફરીયાદમાં ઉલ્લેખ છે. મૃતકના પતિ ઈરસાદ, સસરા ગુલામહુસૈન, સાસુ મદીનાબાનુ, નણંદ નઝીરાબાનુ અને શાહીનાબાનુ તથા દિયર ઝાકીરહુસૈન મળીને છ વિરૂદ્ધ ગુનો દાખલ કરીને પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈએ આરોપી પતિની ધરપકડ કરીને કોર્ટમાં રજુ કરી સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપ્યો છે.

દાંતીવાડા તાલુકામાં વૃક્ષારોપણ કાર્યક્રમ સંપન્ન

દાંતીવાડા, તા. ૩

દાંતીવાડા તાલુકા પંચાયત ખાતે ગઈકાલે બપોરના અગિયાર વાગ્યાના સમય દરમ્યાન મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, આરએફઓ અને તાલુકા પંચાયત પ્રમુખની હાજરીમાં ૬૪માં વનમહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી અને ત્યારબાદ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર દાંતીવાડા તાલુકા પંચાયતના હોલમાં ૬૪માં વનમહોત્સવ વિશેની માહિતી એસ. આર. સીન્ધે દાંતીવાડા આર.એફ.ઓ.એ આપતાં જણાવ્યું હતું કે આ ધરતીને વૃક્ષોની ભેટ આપો જેથી કરી આવનાર સમયમાં વૃક્ષો તમારો બચાવ કરે અને ઉપયોગી બને જેમ કે વરસાદ લાવવા, ઓક્ષિજન પુરૂ પાડવા અને વાવાઝોડાના સમયમાં પવનોનું રોકાણ કરવામાં ત્યારબાદ દાંતીવાડા મામલતદારે વૃક્ષો વિશેની વાત કરતા વૃક્ષોને વાવીને તેનો ઉછેર કરવાની સલાહ આપી હતી, અને ત્યારબાદ સીપુ સિંચાઈના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જ્યાં તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ સોલંકી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ દશરથભાઈ રાજગોર, ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ કરશનભાઈ પોત્રોડ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ આહજીભાઈ પરમાર, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ હરજીભાઈ ભૂતડીયા, ભાજપ મહામંત્રી નટુભાઈ પટેલ, કારોબારી ચેરમેન પ્રવીણભાઈ જોષી, સામાજિક ન્યાય સમિતિ ચેરમેન હેમરાજભાઈ ગોહિલ અને ઈશ્વર રબારી હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન એસ.આર. સીન્ધે આર.એફ.ઓ. દાંતીવાડા, ગીરીશભાઈ રાવલ અને તેજાજી રાણા ફોરેસ્ટ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

તલોદ તાલુકામાં ૬૪મો વન મહોત્સવ મહિયલ હાઈસ્કુલમાં યોજાઈ ગયો

તલોદ, તા.૩

તલોદ તાલુકાના ૬૪મા વન મહોત્સવની ઉજવણી મહિયલની જે.બી. ઉપાધ્યાય હાઈસ્કુલમાં પ્રસંગોચિત કાર્યક્રમો સાથે કરવામાં આવી હતી. શનિવાર સવારે યોજાયેલ આ મહોત્સવમાં મહાનુભાવો સાથે વન વિભાગનો અધિકારી ગણ ઉપસ્થિત રહ્યો હતો. સ્વ. કનૈયાલાલ મુનશીએ અને ૧૯૫૭માં વન મહોત્સવની શરૂઆત કરી હતી. આ પ્રસંગ નિરંતર રાજયભરમાં ઉજવાય છે. જેમાં તલોદ ખાતે ૬૪મા વન મહોત્સવની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી.

જે.બી. ઉપાધ્યાય હાઈસ્કુલ મહિયલમાં શનિવાર સવારે સા.કાં. જિલ્લાના ભાજપ ઉપપ્રમુખ અને તલોદ નાગરિક સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ ઉપાધ્યાયના અધ્યક્ષપદે વન મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તલોદ માર્કેટયાર્ડના ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, પરિક્ષેત્ર વન અધિકારી એમ.જે. સુતરીયા, ફોરેસ્ટ અધિકારી પી.જે. પરમાર, તાલુકા કેળવણી નિરીક્ષક કિરીટભાઈ પટેલ, આરોગ્ય અધિકારી ડૉ. મુંગટ, એન.એસ.એ. સુપરવાઈઝર કે.કે. પટેલ તથા શાળા પરિવાર અને વિદ્યાર્થી ગણ ઉપસ્થિત રહ્યો હતો. જેનું સ્વાગત શાળાના આચાર્ય ડૉ. મનહરભાઈ પંચાલે કર્યું હતું.

શાળા-કોલેજો બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડ્યો હતો. સ્કૂલ રીક્ષાઓ બંધ રહેતા કેટલાક વાલીઓ પોતાના બાળકને કારમાં શાળાએ મુકવા ગયા હતા તેમને પણ ધક્કો પડ્યો હતો. સાવ પાંખી સંખ્યાના કારણે કોલેજો પણ સાવ સુમસામ હતી. પાંખી હાજરીના કારણે કોલેજોમાં રજા આપી દેવાઈ હતી.

મહોત્સવ ઉજવાયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સરળતાથી કમાઈ રહ્યાં છે. તેમણે કલાઈમેન્ટ ચેન્જની વિસ્તૃત વાત કરીને રાજય સરકારે આ દિશામાં શું કામગીરી કરી છે તેની દૃષ્ટાંત રૂપ વાત કરી હતી.

મુખ્ય વન સંરક્ષક એસ.સી. શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ગુજરાત રાજયમાં વન મહોત્સવની શરૂઆત શ્રી કનૈયાલાલ મુનશીએ કરી હતી. વન મહોત્સવમાં વધુને વધુ લોકોને સાંકળવા માટે એક દાયકાથી રાજયમાં સાંસ્કૃતિક વનનો એક નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે. સાંસ્કૃતિક વનની શરૂઆત ગાંધીનગરના પુનિત વનની રચના કરી કરવામાં આવી છે. આવા સાંસ્કૃતિક વનનો આજે પ્રવાસનના સ્થળો તરીકે વિકસી રહ્યા છે.

જિલ્લા પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદે જણાવ્યું હતું કે રાજયમાં એક દાયકામાં વનીકરણનો સારો વિકાસ થયો છે. વન મહોત્સવ થકી પ્રસરેલી જાગૃતિના કારણે આજે લોકો પોતાના ઘર આંગણે, ખેતરના શેઢે, ગામની ગોચર જમીન જેવી જગ્યાએ વૃક્ષોનો ઉછેર કરતા થયા છે.

આ પ્રસંગે મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ સ્વાગત ગીત અને પૂર્ણિમા હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓએ ગરબો રજૂ કર્યો હતો. ગાંધીનગર જિલ્લા નાયબ વન સંરક્ષક ભાવિન વ્યાસે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ મદદનીશ વન સંરક્ષક જે.જી. વિહોલે કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રી કામિનીબા રાઠોડ, દહેગામના પૂર્વ ધારાસભ્ય શ્રી કલ્યાણસિંહ ચૌહાણ, ગાંધીનગર વન વર્તુળના મુખ્ય વનસંરક્ષક શ્રી એન.વી. કાતરીયા, જિલ્લા કલેકટર શ્રી પી. સ્વરૂપ, દહેગામ-ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણા સહિત આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

તળાવ છલોછલ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ તળાવમાં પાણીની આવક થતાં રહીશોમાં પણ આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. તળાવમાં પાણીની આવક થતાં જ લોકો તળાવ કિનારે ફરવા પણ આવતા જણાયા હતા. તળાવમાં આટલી વિપુલ માત્રામાં પહેલીવાર પાણીની આવક થઈ છે. આ તળાવમાં થયેલી પાણીની આવક ગાંધીનગર શહેરને અપાતા એક દિવસના પેયજળ કરતાં પણ વધારે છે. હાલ ગાંધીનગરમાં રોજનું ૫૫ એમ.એલ.ડી. જેટલું પાણી અપાય છે જયારે તળાવની સંગ્રહ ક્ષમતા ૭૦ એમ.એલ.ડી. જેટલી છે.

ગાંધીનગર શહેર નજીકથી પસાર થતી સાબરમતી નદી સાંજે બે કાંઠે થઈ હતી તો આજે સે-૧ નું તળાવ પણ પૂર્ણ ભરાઈ જવા પામ્યું હતું. આમ ગાંધીનગરમાં ભૂગર્ભ જળ રિચાર્જને સારો એવો ફાયદો થવા પામ્યો છે.

જળાશયો છલકાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જળાશયોમાં ૬૬૨૦૭.૧૫ મી. ઘ. ફૂટ દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૨૩૦૫૬૨.૬૩ મિ. ઘનફૂટ પાણી સંગ્રાયુ છે. આમ કુલ ૪૭ જળાશયોમાં ૩૧૭૪૬૩.૮૪ મી. ઘન ફૂટ પાણીનો સંગ્રહ થવા પામ્યો છે.

કચ્છ અને સૌરાષ્ટ્રના કુલ ૧૫૫ જળાશયોમાં ૩,૩૦૦૨.૨૨ મી. ઘન ફૂટ પાણીનો સંગ્રહ થવા પામ્યો છે. આમ રાજયના કુલ ૨૦૨ જળાશયોમાં ગત વર્ષે ૨૩૭૭૭૩.૪૨ મી. ઘનફૂટ એટલે કે ૪૨.૨૯ ટકા જળસંગ્રહ હતો તેની સરખામણીએ આ વર્ષે આ સમયગાળા દરમ્યાન ૩૫૦૪૬૬.૦૬ એટલે કે ૬૨.૩૩ ટકા પાણીનો સંગ્રહ થવા પામ્યો છે.

સંકલનનો અભાવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જો કે શહેરમાં સિંચાઈ વિભાગનો કંટ્રોલરૂમ સાબરમતીમાં પાણીને લઈ જુદી વાત કરે તો જિલ્લા કંટ્રોલરૂમને કોઈ જાણકારી હોતી જ નથી. લાકરોડા ઓવરવીયર ઓળરફલો થતાં પાણી છોડાયું છે પણ પાણી કેટલું આવ્યું તેની જાણકારી જિલ્લા કંટ્રોલરૂમને છે જ નહિ એટલું જ નહિ નદીકાંઠાના ગામોને ચેતવણી અપાઈ કે કેમ ? તે મુદે પણ મૌન પાળવામાં આવે છે.

એક જ શહેરમાં એક ડઝન જેટલા ચોમાસાના કંટ્રોલરૂમ પણ વિગતોની વિસંગતાએ રામાયણ ઉભી કરી છે.

મકાન ધરાશયી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મકાનોની યાદી ન હોવાની ચોંકાવનારી હકીકત પણ બહાર આવવા પામી છે.

ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ઘટનાઓ પણ બની છે. સે. ૧૫ ઉપરાંત સે. ૨૨, સે. ૨૧, સે. ૨૯, સે. ૨૮ તેમજ નવા સેક્ટરોમાં પણ પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યા છે.

શહેર અને તાલુકામાં થઈ રહેલા વરસાદને કારણે હવે રોગચાળાનો ભય ઉભો થયો છે. જો કે હાલ શહેરમાં વાઈરલ ફિવરના સંખ્યાબંધ કેસો જોવા મળી રહ્યા છે જે નોંધનીય છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલા લેકાવાડાથી ધરમપુરને જોડતા માર્ગ પર માટીનું ભારે ધોવાણ થતાં રસ્તો બેસી જાય તેવી સ્થિતિ ઉભી થઈ હતી. જો કે તંત્રએ તાબડતોબ આ માર્ગ પર માટીથી જ પુરાણની કામગીરી યુદ્ધના ધોરણે કરી હતી.

ભારે વરસાદને કારણે ઝાડ તુટવાની ઘટનાઓ બની હોવાની વાતો પણ બિનસત્તાવાર સૂત્રોમાંથી સાંપડી રહી છે.

જો કે તંત્ર સબ સલામત હોવાની પોતાની જ કેસેટ વગાડે રાખે છે. જિલ્લામાં ભારે વરસાદની ચેતવણીને પગલે તંત્રને સાબદા રહેવાની તાકીદ કરવામાં આવી હતી.

ખેતરોમાં પાણી ભરાઈ રહ્યાની તેમજ તળાવોમાં નવા પાણીની આવક થતાં જિલ્લામાં કુદરતી રીતે જ જળના સ્તર રિચાર્જ થઈ રહ્યા છે.

તંત્રએ ભારે વરસાદને પગલે કોઈ જાનહાનિ થઈ ન હોવાથી થોડોક રાહતનો દમ લીધો હતો.

જો કે તાલુકામાંથી પસાર થતી સાબરમતી નદી બન્ને કાંઠે વહી રહી છે. આ ઉપરાંત દહેગામ તાલુકામાં ખારી અને મેશ્વો નદી પણ બે કાંઠે વહી રહી છે. આ વખતે જિલ્લામાં સમયસરના વરસાદ ને પછી જામેલા ચોમાસાને પગલે જિલ્લામાં પાણીના સ્તરમાં નોંધપાત્ર સુધારો થતો જોવા મળી રહ્યો છે.

સિઝનનો ૭૬ ટકા વરસાદ જિલ્લામાં નોંધાયો છે. જિલ્લામાં પાણીની સમસ્યા હવે રહી નથી. આ ઉપરાંત ધીમી ધારના વરસાદને કારણે જળસંચયનું કામ પણ સારૂ થતાં પાણી રિચાર્જ થઈ જવા પામ્યા છે.

શબ્દાવલી - ૫૧૩૯



આડી ચાવી

૧. પાણીની ઢંકાયેલા ખડક (૩)
૩. મશીનથી સિલાઈ કરતી વખતે મશીનની ખરાબીને કારણે... આવે... (૩)
૫. નશો કરવા ઉપર પ્રતિબંધ હોવો (૪)
૭. રાજાઈ ઠાઠથી રહેવું (૪)
૮. પથારી (૨)
૯. જાદુ, ઈલ્મ (૩)
૧૩. વાંદરો (૩)
૧૪. પહેલાના સમયમાં રાજા પછી... તેના વારસદારને જ મળતી (૪)
૧૬. શક્તિ, સેલ (૩)
૧૭. બોટ્યા વગરનું (૩)
૧૮. તોફાન, મસ્તી (૩)

ઊભી ચાવી

૧. નાનો ઝગડો, મતભેદ (૪)
૨. કુંડામાં ઉગાડાતા મોટા વૃક્ષ (૩)
૩. વાવાઝોડા સાથે પવન ફુંકાય તે (૨)
૪. સંગીત વગેરેનો અભ્યાસ કે પ્રેક્ટીસ (૩)
૬. કિનારો (૩)
૮. તહેવારોમાં જયાં જુઓ ત્યાં સાડીઓના... લાગેલા હોય છે (૨)
૧૦. પ્રતિષ્ઠાના પ્રતિક સમો સાડીનો માથે ઓઢાતો ભાગ (૫)
૧૧. ઈચ્છા, મહેચ્છા (૪)
૧૨. હિન્દુઓનું પ્રાર્થના સ્થળ (૩)
૧૫. એક ચોપગું પ્રાણી (૩)

શબ્દાવલી ૫૧૩૮ના જવાબ

આડી ચાવી :- (૧) બેસુમાર (૪) ઘાતકી (૬) ગજુ (૭) સારસ (૯) કીલકારી (૧૧) લસરપટ્ટી (૧૨) પાતાળ (૧૩) બર્થડે પાર્ટી (૧૬) હડપ (૧૮) પાયમાલ (૧૯) વાવડ

ઊભી ચાવી :- (૧) બેમિસાલ (૨) માગસર (૩) રજુ (૪) ઘાયલ (૫) ફીકરી (૮) રસ (૯) કીટી પાર્ટી (૧૦) કાસળ (૧૪) પાયલ (૧૫) હવા (૧૭) ડવ

જાહેર નિવિદા

સાવવિ/આયોજન પ્રભાગ ખાતે ઝેરોક્ષ નકલો કરાવવાની કામગીરી માટે Rental Baseથી કોન્ટ્રાક્ટ આપવાનો છે. જે અંગેની શરતો સાવવિ / આયોજન પ્રભાગની વેબસાઈટ www.gujgadplanning.gov.in.in ઉપર દર્શાવ્યા મુજબ છે. તેમજ નીચેના સરનામે રૂબરૂ પણ ઉપલબ્ધ થઈ શકશે.

આ અંગેના ભાવ પત્રકો તા. ૧૪-૮-૨૦૧૩ સુધીમાં સીલબંધ કવરમાં રજી.એ.ડી. દ્વારા નીચેના સરનામે મળે તેમ મોકલવાના રહેશે. સીલ બંધ કવરમાં મળેલ ભાવ પત્રકો તા. ૧૬-૮-૨૦૧૩ના રોજ બપોરે ૧૬.૦૦ કલાકે ખોલવામાં આવશે.

પ્રદીપ ક્રિશ્ચિયન,
સેકશન અધિકારી, ય-૨ શાખા,
સામાન્ય વહીવટ વિભાગ / આયોજન પ્રભાગ,
માહિતી/૯૨૩/૧૩-૧૪ બ્લોક નં. ૭, ૪થો માળ, નવા સચિવાલય, ગાંધીનગર